

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પરમની ડગર પર સત્યને શોધવું તો પડશે
સંબંધના ઉપવનમાં પ્રેમાંકુર પોષવું તો પડશે
કર્મ એવાં કરીએ કે ગયા પછી લોકો યાદ કરે
નિખાલસ બની અહંનું શ્રીફળ હોમવું તો પડશે
જ્ઞાનના સથવારે નૌકા આગળ હંકારતા રહીએ
લક્ષ્યને પ્રાપ્ત કરવા આળસને છોડવું તો પડશે
ઈશ્વર ઈચ્છા બલિયસી સમજી કર્મઠ બનીએ
બુદ્ધિ અને વિવેકથી અંતરને જોડવું તો પડશે
કશું અશક્ય નથી જો સંકલ્પ દ્રઢ કરી લઈએ
પરમાર્થ કરી જીવનમાં સદકર્મ રોપવું તો પડશે

- દિલીપ શાહ

### પાથેય

ઘણીવાર માણસની વિશેષતા જ એની મર્યાદા બની જતી જોવા મળે છે...નજરાઈ જવું જેવો શબ્દ કદાચ આ વા ની ગવાહીરુપ છે.આગિયાને જોઈ કલાપી એ આ વાતને સુંદર શબ્દો માં સ્ફૂટ કરી છે. 'ચળકાટ તારો તેજ પણ, તુજ ખૂનની તલવાર છે.

જે પોષતું તે મારતું એ, ક્રમ દિશે અહીં કુદરતી..' પર સુખ સગવડો વચ્ચે જીવતા બાળકો જીવનની પ્રાથમિક સમજણોથી વંચિત રહી જાય છે અને એમનો એકાંગી વિકાસ થાય છે એની સામે જે લોકો અભાવો કે પડકારોની વચ્ચે જીવે છે એવા વિદ્યાર્થીઓ કે એવા લોકો જીવનમાં ખૂબ જ ઓછી કક્ષાની સફળતા અને વરે છે અને અનેક લોકોના રાહબર પણ બને છે આપણા માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણને આસપાસ જે સુખ સગવડોનું જગત હોય છે જેને આપણે પોતાનો કમ્ફર્ટ ઝોન કહીએ એમાંથી નીકળવા માટે ની આપણી તૈયારી હોતી નથી એક છુપો ડર આપણને સતાવે છે જે લોકો ની સામે પડકારો છે એના માટે આવો કોઈ વિકલ્પ હોતો નથી એટલે એ લોકો યાહોમ કરીને પડતા હોય છે આગળ વધતા હોય છે અને એમના માટે નવી દિશાઓ ખુલી જવી સહજ બની જાય છે. ઘણીવાર ગ્લેમરસ દેખાતી સપાટીની પાછળની યાતનાઓનો એહસાસ આપણને થતો નથી. આપણે સૌ સપાટી ઉપરથી જોવા ટેવાયેલા છીએ?.માણસનું મૂલ્યાંકન આપણે એના બાહ્ય દેખાવ,સુખ, કે વૈભવથી કરીએ છીએ.એની ભીતરી તાકાતનો જગતને અંદાજ હોતો નથી. કે એવી શ્રદ્ધા પણ હોતી નથી.અભાવો માણસને મજબૂત બનાવે છે તો એની સામે સુખસગવડોની સાથે મળે છે રાજરોગ અને એકલતાની અડાબીડતા..વિરોધાભાસ જેવી લાગતી કુદરતની આ અજાયબ ગોઠવણને સમજવી જરૂરી છે.આપણે જેને સુખ માની ગળે લગાડતા રહીએ છીએ એ જ ઘણીવખત પતનનું કારણ બની જાય છે. 'ગની દહીવાલા' કહે છે એમ 'મારો હાથ ઝાલી ને લઈ જશે..મુજ શત્રુઓ જ સ્વજન સુધી' માં શત્રુઓ એટલે આપણા અવગુણો..વિકારો..દુષ્કર્મો વગેરે...જે છેવટે માણસના પતનનું કારણ બની મોત સુધી એટલે કે પરમાત્મા અર્થાત્ સ્વજન સુધી લઈ જાય છે! આ કવિઓ પણ કેવું અજબગજબ નિરખતા હોય છે!

કલા અને સાહિત્યની દુનિયામાં આવાં ઉદાહરણો અસંખ્ય જોવા મળે.સામાન્ય દેખાય ધરાવતો અભિનેતા કે અભિનેત્રી પોતાની અભિનયશક્તિથી નામના મેળવી જાય છે.અદાકાર બનવા માટે માત્ર દેખાવ પૂરતો નથી.પોતાની અભિનય ક્ષમતા બતાવવી પડે છે.એ જ રીતે સંગીતની સાધના કરવા માટે બાહય અપકરણો જરૂરી હોતાં નથી.કલાકાર જે સાધના કરે છે એ જ સફળતારૂપે પરિણમતી હોય છે.કોઈ રમતવીર માટે મેદાન ઉપરની રમત કરતાં એણે કરેલી નેટપ્રેક્ટિસ બહુ મહત્વની બની જાય છે.આ બધું નરી આંખે દેખાતું નથી.એ જોવા માટેની તાલીમ લેવી પડે છે.લતા મંગેશકર જેવી મહાન ગાયિકાએ હમણાં એક ઈન્ટરવ્યૂમાં બહું સરસ? વાત કરી હતી. એમને પૂછ્યું કે "આગામી જન્મમાં તમને શું થવું ગમે ?" ત્યારે એમણે ખૂબ જ માર્મિક રીતે કહ્યું હતું કે "મને લતા મંગેશકર થવું તો ના જ ગમે !"આપણે જેન લતા મંગેશકર મને ઓળખીએ છીએ એ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે એણે રાતદિવસ કઠોર સાધના કરવી પડે છે.ખાવા પીવા ઉપર ખૂબ જ નિયંત્રણો રાખવાં પડે છે.જાહેર જીવનથી અને સુખસગવડોથી દૂર રહેવું પડે છે.ત્યારે લતા મંગેશકર બની શકય છે ! એ વ્યથા એમણે પોતાના એક જ વાક્યમાં જ રજૂ કરી.જીવનની આવી નાની નાની બાબતોને સમજવી એ જ સમગ્ર જીવનને સારી રીતે આત્મસાત કરવા જેવું હોય છે.

# 'થ્રેડસ' : દેખાવ 'ટ્વિટર' નો... દિલ 'ઈન્સ્ટા'નું...!



સોશિયલ મીડિયામાં આમપણ નવું નવું આવતું રહેતું હોય છે. નવી નવી રીલ્સ તો ઈનથિંગ હોય જ છે તો ક્યાંક કોઈ હેશટેગ ઈનથિંગ હોય છે તો ક્યાંક કોઈ ટૉપિક.. અને કઈ ના હોય તો એપ્સના અપડેટ આવતા રહેતા હોય છે. મૂળે સોશિયલ મીડિયા બોલે તો વૉટ્સઅપ, ટ્વિટર, ઈંસ્ટા કે ફેસબુકનો મેઈન ઈન્ટરેસ્ટ એ જ હોય છે કે યુઝર્સ એન કેન પ્રકારેણ લાગેલો રહેવો જોઈએ અને આ " લાગેલા " રહેવાનો યુઝર્સનો ચસ્કો સોશિયલ મીડિયા પ્લેટ્ફોર્મના માલિકો બરાબરનો જાણી ગયા છે એટલે શું છે કે એક જમાનામાં પ્રેસટીજીયસ અને જેન્યુઈન ગણાતી ' બ્લૂ ટીક ' પણ હવે તો વેચાતી મળે છે – આઈ મીન પૈસા ફેંકો બ્લૂ ટીક દેખો.. દેખો નહીં પણ સામનેવાલો કો દિખાઓ..!!! ફેક પ્રોફાઈલોની ભરમાળો છે અને ફોલોવર્સ તો હવે હજારમાં લાખ મળી રહે એવી એજન્સીઓ પણ છે જ. ' બોલો કેટલા લાઈક જોઈએ છે ? ' થી લઈ ને ૧૧ અને ૧૦૧ ફોલોવર્સ પણ રૂપિયા ફેંકતા મળી રહે છે એવા દિવસે ને દિવસે આભાસી થતાં જતાં સોશિયલ મીડિયાના જમેલામાં ઓર એક જમેલો ઉમેરાયો છે.. એનું નામ છે ' થ્રેડસ "..!!!! થ્રેડ બોલે તો દોરો અને ટ્રેડસ બોલે તો દોરાઓ ??? કે દોરાનું ફીંડલું ???



રઝળપાટ
અજય ઉપાધ્યાય

આ દોરાનું ફીંડલું તો આપણે આગળ ઉકેલીશુ પણ ઉપરના પેરામાં જમેલો શબ્દ વાંચીને તમને હડપચી પર આંગળી ટેકવવાનું મન થઈ ગયું હોય તો જણાવી દઉં કે આ ' થ્રેડસ ' બીજા કોઈએ નહીં પણ સોશિયલ મીડિયાના આધયપિતાશ્રી કહી શકાય એવા શ્રી શ્રી ૧૦૦૮ માર્ક ઝૂકરબર્ગભાઈએ લોન્ચ કરી છે અને લોન્ચિંગ પણ કેવું ? જોતજોતામાં એના સબ્સ્ક્રાઈબર કરોડમાં પહોંચી ગયા અને પ્રતિસ્પર્ધી ખેમામા ખળભળાટ મચી ગયો. તે હાહાકાર થઈ જ જાય ને.. બીકોઝ સોશિયલ મીડિયાની ૯૦% દુનિયા પર તો ફેસબુક, ઈંસ્ટા અને વૉટ્સઅપ વડે મારકભાઈનું રાજ ચાલે જ છે. હા, એક ટ્વિટર એવું હતું કે જે આ ગુલદસ્તામાં નહોતું. ટ્વિટરને ટક્કર આપવાની કદાચ માર્કભાઈની છૂપી તમન્ના હશે એટલે જ ઓલમોસ્ટ એના જેવુ જ ' થ્રેડસ ' લોન્ચ કરી દીધું છે. આમ તો માર્કભાઈએ એમ કહ્યું છે કે ઈંસ્ટાના યુઝર્સ વૈચારિક આદાનપ્રદાન કરી શકે એટલે મે ' થ્રેડસ ' લોન્ચ કરી છે. યુઝર્સનાં માઈન્ડમાં શું ચાલી રહ્યું છે તે તેને એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર શેર કરી શકે તે માટે એક ફ્રેન્ડલી કોમ્યુનીટીની જરૂરત હતી અને ' થ્રેડસ ' એ જરૂરિયાત પૂરી કરવા જ બનાવ્યું છે. માર્ક ભલે ને ગમે એટલી ચોખવટ કરે પણ ચોખ્ખે ચોખ્ખું દેખાય જ આવે છે કે ' થ્રેડસ ' ની સીધી હરીફાઈ એલન મસ્કભાઈના ટ્વિટર સાથે થવાની છે અને એટલે જ ' થ્રેડસ ' ની શરૂઆતી જંગી સફળતા જોઈને લગભગ લગભગ ડરી ગયેલા એલન મસ્કે માર્ક સામે કોર્ટકેસની ધમકી આપી દીધેલ છે. મેટા ને મોકલેલા પત્રમાં જો કે એવી દલીલ નથી કે ' થ્રેડસ ' બિલકુલ ટ્વિટરની કોપી જેવુ જ છે પણ એમાં એવો આરોપ છે કે માર્કે ટ્વિટરના ભૂતપૂર્વ કર્મચારીઓને કામે રાખ્યા છે કે જેમની પાસે ટ્વિટરના કેટલાક ટ્રેડ સિક્રેટ્સ છે. ખેર, આનો શું ચુકાદો આવે છે એ જોવું રસપ્રદ તો રહેશે જ પણ હકીકત એ છે કે હાલમાં તો ' થ્રેડસ ' દિન દુની રાત ચોગુની પ્રગતિ કરી રહ્યું છે.

' થ્રેડસ ' ને બુધવારે રાત્રે સાડા અગિયારે લોન્ચ કરવામાં આવ્યું અને આજે શુક્રવારે આ લખાય છે ત્યારે એના ઓલરેડી કરોડો યુઝર્સ નોંધાઈ ચૂક્યા છે એવામાં એ જાણી લો કે ' થ્રેડસ ' કેવી રીતે યુઝ કરી શકાય છે. આમ તો ઈંસ્ટા યુઝર્સ ' થ્રેડસ ' માં ડાયરેક્ટ લૉગિન કરી શકે છે. બેઝિકલી ઈંસ્ટા યુઝર્સ કોમ્યુનિકેટ કરી શકે એ માટે જ તો ' થ્રેડસ ' લોન્ચ કરવામાં આવ્યું છે. ટ્વિટરની જેમ જ અહી શબ્દ મર્યાદા ૫૦૦ શબ્દોની છે તો લિંક. ફોટો, વિડીયો અપલોડ કરી શકાય છે. મસ્કભાઈ માટે પડતાં પર પાટુ એ છે કે લગભગ લગભગ ટ્વિટરને મળતા આવતા આ નવા ' થ્રેડસ ' ની સૌથી વધુ ચર્ચા પણ ટ્વિટર પર જ થઈ રહી છે..!!!! અસલમાં ' થ્રેડસ ' ના આટલા બધા ધમાકેદાર ઓપનિંગ માટે જવાબદાર પણ ટ્વિટર અને મસ્ક જ છે. મસ્કભાઈ જ્યારથી ટ્વિટરના અધિપતિ બન્યા છે ત્યારથી કઈક ને કઈક ગતકડા કરતાં રહ્યા છે. લેટેસ્ટ ગતકડામાં પૈસા આપીને બ્લૂ ટીક અને અમુક ચોક્કસ માત્રામાં જ તમે રોજ પોસ્ટ જોઈ શકો થી લઈને અનલિમિટેડ પોસ્ટ જોવા રૂપિયાની માંગણી સામેલ છે. મસ્કભાઈના આ ગતકડાથી કંટાળી ગયેલા યૂઝર્સ કઈક નવું શોધતા જ હતા અને ' મોકે પે ચોંકા ' ની જેમ ઝૂકરિયાએ 'આવા યુઝર્સની થાળીમાં ' થ્રેડસ ' પીરસી દીધું..!!!

થોડુંક ' થ્રેડસ ' વિષે. આગળ લખ્યું એમ ૫૦૦ શબ્દોની મર્યાદામાં પોસ્ટ કરી શકશો થી લઈને ફોટો, વિડીયો, લિંક તો શેર કરી જ શકશો પણ પાંચ મિનિટ લાંબો વિડીયો પોસ્ટ થઈ શકશે. જો તમે ઈંસ્ટા યુઝર્સ છો તો અલગથી ' થ્રેડસ ' આઈડી બનાવવાની જરૂર નથી, તમે ઓટોમેટિકલી ઈંસ્ટા આઈડી પાસવર્ડથી લૉગિન થઈ શકશો. હા તમારે એપ સ્ટોર કે ગૂગલ સ્ટોરમાંથી ' થ્રેડસ ' એપ ડાઉનલોડ કરવું પડશે. લૉગિન કરતાં જ ' થ્રેડસ ' પર અવેલેબલ લોકોનું લિસ્ટ દેખાશે જેને તમે ફોલો કરી શકશો એટલું જ નહીં પણ ઈંસ્ટાના તમારા કોન્ટેક્સ / ફોલોવર્સ ઓટોમેટિકલી અહી પણ તમારી પ્રોફાઈલ સાથે જોડાઈ જશે, જો કે એ માટે તમારે એમને ફોલો કરવા પડશે. અત્યારે તો ' થ્રેડસ ' એડ ફ્રી છે પણ જો આમ ને આમ લેવાલી વધતી રહેશે તો માર્કભાઈ ભવિષ્યમાં એડ વાલા ' થ્રેડસ ' પણ કરી શકે છે..!! હા ફાયદા સાથે થોડા ખતરા પણ છે જેમકે અહી તમે ' થ્રેડસ ' પ્રોફાઈલ ડિલીટ નહીં કરી શકો કેમકે જો એમ કરશો તો તમારું ઈંસ્ટા પણ ડિલીટ થઈ જશે એને બદલે તમે જો ' થ્રેડસ ' નથી વાપરવા માંગતા તો ' થ્રેડસ ' એકાઉન્ટ ડીએક્ટીવેટ કરી શકશો પણ જો ઈંસ્ટા એકાઉન્ટ ડીએક્ટીવેટ કે ડિલીટ થશે તો સાથે સાથે ' થ્રેડસ ' પણ એમ જ થસે કેમકે બેઝિકલી ' થ્રેડસ ' એ અલગ નહીં પણ ઈંસ્ટા નું સપ્લીમેન્ટ એપ જ છે. !!!

જાણકારો તો કહે છે કે ' થ્રેડસ ' એ બીજું કી નહીં પણ ટ્વિટરનું ઓલ્ડ વર્ઝન જ છે પણ એક હકીકત છે કે નવું એપ લોન્ચ થયું તો એમાં નવું શું છે એ જાણવા પણ યુઝર્સ ઉમટી પડતાં હોય છે, જ્યારે આ તો મેટાનું એક્સાઈટિંગ એપ છે એટલે ' થ્રેડસ ' લાંબા સમય સુધી સોશિયલ મીડિયાની દુનિયામાં છવાઈ રહેશે એવી આશા અત્યારે તો માર્કભાઈને હશે જ પણ સોશિયલ મીડિયા એટલી ઝડપે બદલાતું માધ્યમ બની ગયું છે કે જો યુઝર્સ ઉત્સાહમાં કે ઉત્સુક્તામાં લૉગિન કર્યા પછી થોડા સમયમાં કશું જ એક્સાઈટિંગ ના લાગે તો શટર ડાઉન કરતાં વાર નથી લગાડતા. તાજો જ દાખલો ચેટ જીટીપી નો છે જ. લેટેસ્ટ ન્યૂઝ મુજબ એના યુઝર્સમાં દિવસે દિવસે ઘટાડો નોંધાતો જાય છે. આવું જ બહુ ગાજેલા ' કલબ હાઉસ ' સાથે પણ થયું છે અને યુઝર્સ ના લેફટઆઉટ થવાના કેસમાં ખુદ માર્કભાઈના ફેસબુકના પણ હાલ કાઈ સારા તો છે જ નહીં એવામાં ઓલરેડી એસ્ટાબ્લીશ ' ટ્વિટર ' ની સામે ' થ્રેડસ ' કઈ રીતે અને કેટલા અંશે બાથ ભીડી શકશે એ જોવાની મજા આવશે. પરિણામ જે આવે તે પણ વી ધ યુઝર્સના હાથમાં ઓર એક લાડવો આવી ગયો છે અને સોશિયલ મીડિયાના બંધાણીને તો આ નશાથી ઓછું થોડું છે.પણ હા આ નશાનો ખ્યાલ રાખતો રહેવો પડશે કેમકે ' થ્રેડસ ' ના આવ્યા પછી ઘણાને એમ પણ બોલતા કે પછી સ્ટેટ્સમાં લખતા જોયા છે કે " આટલા એપ્સ ઓછા હતા તે આ એક વધુ આવ્યું..!!!!

- akurjt@gmail.com

**વિસામો :**

**"કોમ્પીટેશન ઈઝ ફાઇન, ચીટિંગ ઈઝ નોટ " ( પ્રતિસ્પર્ધા સારી છે, પણ બેઇમાની નહીં ) – ' થ્રેડસ ' ના લોન્ચિંગ પછીથી ટ્વિટરના માલિક એલન મસ્કનું એક ટ્વિટ..!!!!!!**

# ન જાણ્યું જાનકી નાથે... પણ નાથાલાલે...

નાથાલાલ એકદમ હળવાશ અનુભવવા લાગ્યા. એક આવા આલિંગનથી બધા દુઃખ આવી રીતે ચાલ્યા જશે એની એમને કલ્પના નહોતી. એ મનોમન વિચારવા લાગ્યા કે 'નેધરલેન્ડમાં ગાયને ભેટવાનો ક્રેઝ વધી રહ્યો છે'. એમણે વિચાર્યું કે માણસને ભેટવાથી તો સબંધોમાં ઉછાળો આવવાને બદલે અપેક્ષાઓ વધી જાય છે એટલે કદાચ ગાયના શરીરના ઉષ્ણતામાનને કારણે ડચ લોકોને માણસોને બદલે ગાયને ભેટવામાં મઝા આવતી હશે. નાથાલાલને ઉષ્ણતામાનના વિચારે ઘણા હેરાન કર્યા, એમને એમ થયું કે નટુ 'પૈસા'ની વ્યવસ્થા કરવાના બદલે હમણાંથી પલ્લવીને મળવાનું વધારે પસંદ કરે છે. નાથાલાલ વિચારતા હતા કે ગુજરાતી ભાષામાં 'ગજવાં ગરમ હોવાં' જેવી કહેવત મેં આ નટુને બાળપણમાં શીખવાડી હોત તો સારું થાત. કારણ એને પલ્લવીને મળવાથી મુડ આવવા માંડ્યો અને એના ઠંડા પ્રતિભાવને લીધે હું ઠંડો પડવા લાગ્યો હતો ત્યારે આ દુર્ગાએ ગરમ ચા અને ઉપરથી આલિંગન આપીને આખું હવામાન બદલી નાંખ્યું. પે'લા નટુને તો એમ જ હશે કે પૈસા ના હોવાને લીધે નાથાલાલ કણસતા હશે. પણ નાથાલાલ જેમનું નામ ! નરસિંહના નાથે જાણે નાથાલાલની સામે જોયું અને આ નાથાલાલ મનોમન પંક્તિ ગણગણવા લાગ્યા, 'ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે !' પણ અહીં તો જાનકીના નાથ કરતાં પણ અગડંબગડં કોલોનીના નાથાલાલને ખબર પડી ગઈ હતી કે જગતનો નાથ આ નાથાલાલને વધું દુઃખી જોવા નથી માંગતો. આજે નાથાલાલને બદલાયેલા વાતાવરણમાં આવતીકાલનાં દર્શન થઈ રહ્યાં હતાં. એ હીંચકા ઉપર બેઠાં બેઠાં ઓટીટી પ્લેટફોર્મ પર ક્યી સીરીયલમાંથી બદલાતી હુંફાળી હવાની કથા ફંગોળાતી હશે એ શોધવું હતું ત્યારે ડોરબેલ વાગી. એ ઉભા થયા.. પણ એ પહેલાં તો આ દુર્ગ ઉપર કોઈ દુશ્મનનો નથી ચઢી આવ્યોને એવી શંકા થવાને કારણે દુર્ગા દોડી ગઈ. ખબર પડી કે નટુનો મિત્ર ચંદુ આવ્યો હતો. દુર્ગાએ કહ્યું, 'નાથાલાલ ! આ તો લગ્નનું ઘર છે એટલે આવી રીતે વરરાજાના મિત્રો તો આવ્યા જ કરશે ! બધાને હરખ હોય ! આવ, ભાઈ ચંદુ કેમ છે તને હવે ? ' આ ચંદુ એ નટુનો પરાક્રમી મિત્ર છે જેણે આર.આર.આર સિનેમા જોઈને 'નાટુ નાટુ' ગીત ઉપર ડાન્સ કરવાનો પ્રયત્ન કર્યો હતો. અને ઑસ્કાર્ડને ઉજવતા ઉજવતા ઓર્થોપેડિક સમસ્યામાં સલવાયો હતો. એણે એક વાર પલ્લવ એટલે પાંદડું.. એવું શીખવાડ્યું હતું એટલે નટુમાં નવી ફુટેલી હિમ્મતને કારણે આજે એ પાંદડું તોડવાની પ્રવૃત્તિમાં પડ્યો હતો. એ નટુની એક ચિઠ્ઠી લઈને આવ્યો છે. નાથાલાલ પોતાને નવા ફુટેલા પ્રેમાંકુરને છુપાવતા હોય એમ ચિઠ્ઠી છુપાવ્યા સિવાય આપવા માટે આતુર એવા ચંદુને કહ્યું, 'બોલો ! ભાઈ ચંદુ.. સારું થયું, મારે તને બોલાવવો જ હતો.. આ નટુને કંઈ સમજાવ. એણે જવાબદારી સમજવી જોઈએ...' ચંદુએ નાથાલાલને એ રીતે અટકાવ્યા જે રીતે એક ઝુંપડું ડુબાડી દેવા આગળ વધતા પુરના પાણીને કોઈ શિલા અટકાવે, "કાકા ! મારો ભઈબંધ પોતાની જવાબદારી સમજે જ છે.. એણે આ ચિઠ્ઠી મોકલી છે...' નાથાલાલની આંખો પહોળી થઈ ગયી, કારણ નટુને લખતાં આવડે છે એ બાબત પર પણ એ પુરતા શંકાશીલ હતા ત્યારે એણે ચિઠ્ઠી લખી છે એ સમાચાર જ નાથાલાલ માટે હર્ષાશ્રુ લાવી દે તેવા હતા. પણ નાથાલાલની આંખો વધું મેચ્યૉર્ડ કહેતાં પક્વ હતી એટલે સહેલાઈથી આંસુ આવવા ના દીધા. પણ નાથાલાલ એને વધું સમય પહોળી ના રાખે એટલા માટે થોડો દુઃખાવો દીધો, જેમ ચાલું વૉશીંગે તમે વૉશીંગ મશીન ખોલો તો મશીન તત્કાલ બંધ કરવું પડે એવી રીતે નાથાલાલે આંખો નૉર્મલ કરી આ એબનોર્મલ એવા પુત્રપરાક્રમને વાંચવા આંખોને વિનંતી કરી... આવું કંઈક લખ્યું હતું..



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

"પૂજ્ય પિતાશ્રી, તમને મારા લગ્નને લીધે ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો. આર્થિક અને સામાજિક. સામાજિક તો ત્યાં સુધી કે તમે જાતે પરણોત્સુક બની ગયા હતા. આ તમારી સામાજિક નિસ્બત અને ત્યાગનું શિખર હતું, પણ મારે એક પુત્ર તરીકે મારે તમને બચાવવા હતા. તમને આ સોસાયટીવાળા હેરાન કરી રહ્યા હતા તે મારાથી જોવાતું નહોતું, કોઈ નઠોર સરકારી અધિકારીની જેમ આ લોકોને તાગડધિન્ના કરવા હતા. આ લોકો પલ્લવીના સગાઓને ડાળ પર કોઈ મરેલા પંખી ખાવા માટે કેટલાક માંસાહારી પક્ષીઓ પાંદડાઓના આખા કબીલાને હેરાન કરે એવો આ સોસાયટીના (અ)સભ્યોની ડિઝાઈન હતી એટલે મેં એક ભારે નિર્ણય લીધો છે'. આટલું વાંચતાં જ નાથાલાલ ભાર અનુભવવા લાગ્યા. એમના મનમાં જાતજાતના વિચારો આવવા લાગ્યા, પરીક્ષા વખતે અભ્યાસક્રમનું વાંચવાને બદલે વિદ્યાર્થીઓ યુટ્યુબનો વિડીયો એમ વિચારે ચઢી ગયા. શું પલ્લવી બીજે પરણવાનું નક્કી કરી બેઠી હશે કે નટુને દેવું કરવાનો કે આપઘાત કરવાનો વિચાર આવ્યો હશેપપણ એમણે સ્ટેશન આવે એટલે ગાડીએ ઉભા જ રહેવું પડે એવા ટ્રેન-સ્ટેશન-ન્યાયે ચીઠ્ઠીમાં પાછા ફરવાનું નક્કી કર્યું. પુત્રવાકય આ રીતે આગળ વધતું હતું, "આમ પ્રવર્તમાન સંજોગોમાં મેં આગળ વધવાનું નક્કી કર્યું છે, જે અનુસાર હું અને પલ્લવી ભાગી જઈએ છીએ." આટલું વાંચતાં જ નાથાલાલ ભાંગી પડ્યા. એમને રડવું નહોતું આવતું એટલે ના રડ્યા પણ ઢીલા પડ્યા. ઢીલી પડેલી માટીને જેમ હોંશિયાર કુંભાર પારખીને પકડી લે એમ એણે નાથાલાલને પકડી લીધા, એટલે કે જકડી લીધા. કોઈ ક્રિકેટ મેચમાં ક્લાસિક કહેવાય એવો કેચ પકડે ત્યારે ખેલાડીનો ચહેરો આનંદિત હોય એવો ચહેરો થતો રોકી દુર્ગા બોલી, 'ચિંતા ના કરશો, નાથાલાલ હું બેઠી છું' પ નાથાલાલને હર્ષના ચક્કર આવ્યા હોય એવું લાગ્યું. 'તું બેઠી છે કે ઉભી છે ?'.... નાથાલાલને દુર્ગા એમના બેડરૂમમાં બેઠેલી દેખાણી. એક સાવ અજાણ્યું લખલખું પસાર થઈ ગયુંપવિચાર કરવા લાગ્યાપ'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે...'

# શું "નોબેલ પારિતોષિક" નરેન્દ્ર મોદીની રાહ જુએ છે...?

ઉપરનું શીર્ષક વાંચીને અનેક લોકોને તકલીફ પડવાની છે. અથવા મોટાભાગના મને "મોદીભક્ત" માનવાના છે. લખવું, વાંચવું, બોલવું કે માનવું એ આપણા સૌનો સ્વતંત્ર અધિકાર છે. હું જાણું છું કે આ બે મહિનામાં નરેંદ્ર મોદી ઉપરનો મારો આ ત્રીજો લેખ છે. અને હજી બીજા ઘણા લેખો આવશે પણ ખરા અને પછી એનું પુસ્તક પણ બનશે. મેં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના એકાદ વર્ષ પહેલા નમો વિશે એક લેખ લખેલો, " ૨૦૧૪માં નમો વડાપ્રધાન બનશે જ, વૈશ્વિક કક્ષાએ છવાયેલા રહેશે અને તેમનો સૂર્ય મધ્યાહ્ને આવશે " એ લેખ મેં લખ્યો એ પહેલા સુપ્રસિદ્ધ વિદ્વાન અને વયોવૃદ્ધ કૉલમિસ્ટ કાંતિ ભટ્ટે પોતાની કૉલમમાં " વડાપ્રધાન પદના જુગારનું પાનું હાથમાં ફરકાવીને તે ભારતના ૨૦૧૪ના બાદશાહ કેમ થઈ શકશે ?" આવી શંકા વ્યક્ત કરેલી અને મેં તેનું ખંડન કરીને આખો લેખ લખીને એક વર્ષ પહેલા જાહેરમાં લખી નાખેલું કે નમો વડાપ્રધાન બનશે જ... અને બન્યા. બીજી ચૂંટણી ૨૦૧૯ વખતે પણ મેં એક લેખ લખેલો કે " ૨૦૧૯માં નરેંદ્ર મોદી ફરીથી વડા પ્રધાન બને છે " અને બન્યા પણ ખરા. અને હજીએ આ ત્રીજી ૨૦૨૪ની ચૂંટણી અગાઉ પણ એક લેખ લખવાનો છું કે " ૨૦૨૪માં નરેંદ્ર મોદી ૩૨૪ સીટ સાથે ત્રીજી વાર વડાપ્રધાન બનશે "

જો કે અત્યારે તો નૉબેલ પારિતોષિકની વાત કરવાની છે. કેમ કે આ પુરસ્કાર જો આતંકી "ઓસામા બીન લાદેન" ને મરાવનાર અમેરિકાના તત્કાલીન પ્રેસિડેન્ટ "બરાક ઓબામા"ને શાંતિ માટે નૉબેલ મળતો હોય તો નરેંદ્ર મોદીને કેમ નહીં ? નરેંદ્ર મોદીએ આખા વિશ્વની રાજનીતિ ઉપર પોતાનો સકારાત્મક પ્રભાવ છોડ્યો છે. કૉરોના જેવી ભયંકર વૈશ્વિક મહામારીના સમયમાં વિશ્વમાં સૌથી પહેલા "વેક્સિન બનાવીને કરોડો લોકોના જીવ બચાવ્યા છે. અને અનેક દેશોમાં વેક્સિન મોકલીને માનવતાનું મહાન ઉદાહરણ પુરું પાડ્યું છે. જો આ વેક્સિનના રૂપિયા ગણીએ તો સો કરોડ વેક્સિન લાગી હતી. જેમાં ૮૮ ટકા કૉવિશીલ્ડ અને ૧૨ ટકા કો-વેક્સિનના ટીકા લાગ્યા હતા. અત્યાર સુધી લાગેલી કોવેક્સિન ની કિંમત છ ખરબ, પંચ્યાસી અરબ, ચાલીસ કરોડ રૂપિયા થાય. અને કૉવિશીલ્ડની કિંમત એક ખરબ, ઓગણસિતેર અરબ વીસ કરોડ રૂપિયા થાય. મતલબ અત્યાર સુધીમાં રૂ/ ૮,૫૪,૬૦,૦૦,૦૦,૦૦૦/- (આઠ ખરબ, ચોપ્પન અરબ સાઈઠ કરોડ) થાય. આ ખર્ચથી ૨૦૨૪થી લઈને ૨૦૨૯ / ૨૦૩૪ / ૨૦૩૯ / ૨૦૪૪ અને ૨૦૪૯ ની ચૂંટણીઓ થઈ શકી હોત. પણ આ ખર્ચથી મોદી સરકારે લાખો કરોડો લોકોની જિંદગી બચાવી છે. અને એ જ લોકો પેટ્રોલ, ડિઝલ કે ગેસના ભાવ પકડીને બેસી રહે છે. મફત વેક્સિનથી જિંદગી બચી એનું વિચારતા નથી. શક્ય છે કે નૉબેલ વાળાએ પણ આપણી વેક્સિન લીધી હોય, ન્યૂઝ ચેનલ આજતક પ્રમાણે જોઈએ તો કોરોના પછી આ વર્ષે ૨૦૨૩માં દુનિયાનો ખાદ્ય મોંઘવારીનો દર લેબનોન ૩૫૦, પાકિસ્તાન ૪૮, શ્રીલંકા ૨૧, બ્રિટેનના ૧૯, જર્મની ૧૭, ફ્રાંસ ૧૫, અમેરિકા ૮ અને ભારત માત્ર ૬ ટકા છે. હમણા ઈન્ટરનેશનલ કૉર્ટ ઓફ જસ્ટીસના પદ ઉપર ભારતની જીત થઈ છે. અગાઉની સરકારે લીધેલા બે લાખ પચાસ હજાર કરોડના વિદેશી દેવાની ભરપાઈ કરવી એ નાનીસૂની વાત નથી. અને એ પણ મોંઘવારી કંટ્રોલમાં રાખીને. દુનિયાના સૌથી બધુ તાકાતવર દેશની યાદીમાં ભારતને અમેરિકા અને રશિયા પછી ત્રીજા નંબરે લઈ આવવું, અમેરિકાની જીડીપી ૪.૨ અને ચીનની ૬.૭ છે જ્યારે ભારતની ૮.૨ છે. આ ઉપરાંત બીજા અનેક એવા માનવીય કાર્યો કર્યા છે કે જેને આખુ હિંદુસ્તાન નહીં ભૂલી શકે.

મોદીજીને વૈશ્વિક કક્ષાના બીજા અનેક એવૉર્ડ્સ પણ મળ્યા છે જેમાં મુખ્યત્વે સિંગાપુર સરકાર દ્વારા " સેપિયા વિંગ્સ ગૉલ્ડ મેડલ, ઈઝરાયલ તરફથી " એમ્બેસેડોર ઑફ જૉય", ભારતીય રાજનીતિ અને સામાજિક ક્ષેત્રે ઉત્તમ પ્રદાન બદલ "શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય એકતા પુરસ્કાર", ૨૦૧૯માં રશિયાનું સર્વોચ્ચ રાજ્ય સન્માન ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રૂ ધ એપોસ્ટલ, સંયુક્ત આરબ અમીરાતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ૨૦૧૯માં, સાઉદી અરેબિયાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ૨૦૧૬માં ઓર્ડર ઓફ અબ્દુલાઝીઝ અલ સઉદ મળ્યો, પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાનનું, સાઉદી અરેબિયાનું, ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ૨૦૧૮માં ભારતના અમીરો અને ગરીબો વચ્ચે રહેલી સામાજિક અને આર્થિક અસમાનતા દૂર કરવા જે સરાહનીય કામ કર્યું તેના માટે નમોને સિયોલ શાંતિ પુરસ્કાર અપાયો છે. – જે મેળવનાર નમો સૌથી પહેલા ભારતીય વ્યક્તિ છે.

૨૦૧૮માં સંયૂક્ત રાષ્ટ્રએ નમોને પર્યાવરણ ક્ષેત્રનું સૌથી મોટું સન્માન "ચેમ્પિયન ઑફ ધી અર્થ" થી સન્માનીત કર્યા હતા. જેમાં ૨૦૨૨ સુધીમાં ભારતને પ્લાસ્ટીક મૂક્ત કરવાના સંકલ્પ બદલ આ સન્માન મળ્યું હતું. ભારત અને રશિયાની રાજનીતિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા બદલ ૨૦૧૯માં રશિયાએ મોદીજીને સેંટ એંડ્ર્યુ સન્માનથી નવાજ્યા હતા આ જ વર્ષે માલદીવ્સના પ્રધાનમંત્રીએ ત્યાંના સૌથી મોટા સન્માન "નિશાન ઈઝ્ઝુદ્દીન " થી સન્માનીત કર્યા હતા. તો વળી ૨૦૧૪માં સ્વચ્છ ભારત અભિયાન સંદર્ભે અમેરિકાએ નમોને ગ્લોબલ ગોલકીપર એવોર્ડથી નવાજ્યા હતા. મુસ્લિમ રાષ્ટ્રો તરફથી મોદીને કુલ છ આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળી ચૂક્યા છે.



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ ઉપરાંત બીજા ઘણાય સ્થાનિક રાષ્ટ્રીય એવૉર્ડ નમોને મળી ચૂક્યા છે. ટૂંકમાં હવે ન.મો.ની ગરિમાને અનુરૂપ એક જ પુરસ્કાર બાકી રહ્યો છે. " નૉબેલ પારિતોષિક. શક્ય છે ૨૦૨૪ની ચૂંટણી જીત્યા પહેલા કે બાદ ન.મો.ને મળે. અને મળવો જ જોઈએ. જો કે એ વખતે પણ વિપક્ષો જોરશોરથી વિરોધ કરવાના છે. કેમ કે તેઓ સૌ હજીયે નમોને પુરેપુરા ઓળખી શક્યા નથી. નમોને વખાણ કરનાર વ્યક્તિ નહીં, ભલે કડવું હોય પણ સાચું બોલનારને એ સાથે રાખે છે. નમોની જે સલાહકારની કૉર ટીમ છે. તે સૌ જુદા જુદા ક્ષેત્રના નિષ્ઠાવાન અને સત્ય બોલનાર વિદ્વાનો છે. એટલે નમો ક્યારેય પ્રસંશાથી ખુશ થતા નથી અને ટીકાથી, વિરોધથી ગભરાતા નથી. કેમ કે તેઓ જાણે છે કે પોતે જે કરી રહ્યા છે તે સમગ્ર પ્રજા માટે, રાષ્ટ્ર માટે કરી રહ્યા છે. નમોની બીજી એક ખાસિયત છે કે તેઓ કદી એકાદ બે વર્ષના લાભનું નથી વિચારતા. તેઓ કદી જમીન ઉપર સીધો જ મહેલ નથી બનાવતા પણ જમીનનું નિરીક્ષણ કરી એના પાયા મજબૂત બનાવી મહેલ ઊભો કરે છે. તેઓ ભવિષ્યનું વિચારીને આજે નિર્ણયો કરે છે. તેઓ આજની પેઢીને ભલે થોડી તકલીફ પડે પણ આવનારી અનેક પેઢીઓને સુખ, શાંતિ મળે એવું સ્વચ્છ ભારત બનાવવાનો સંકલ્પ ધરાવે છે. ભારતમાં રામરાજ્ય સ્થપાયા પછી વિશ્વશાંતિ માટે નમોનું કદમ હશે. જેનો પ્રારંભ નમોએ કરી દીધો છે. હવે આ બધી હાઈલેવલની સફળતા નમોને સતત મળતી રહે એ વિપક્ષો કે વિધર્મીઓને ક્યાંથી ગમે ? વળી ભ્રષ્ટાચારની જે ઊધઈ ભારતના અર્થતંત્રને ૭૦ વર્ષથી કોરી ખાતી હતી તેમાંની મોટાભાગની ઊધઈને ખતમ કરી નાખી છે. ભલે હજી સંપૂર્ણ ભ્રષ્ટાચાર ખતમ નથી થયો પણ ગરીબો કે મધ્યમવર્ગનું જે સરકારી શોષણ થતું હતું તેમાં તો ઘણો સુધારો થયો જ છે. હવે નોકરીયાત કે યોજના કે જાહેરાત કે સહાય કે લોન હોય...રૂપિયા સીધા જ વ્યક્તિના બેંક ખાતામાં જાય છે. વળી ૧૪૦ કરોડની પ્રજાને એક સૂત્રધારામાં રાખવી એ લોઢાના ચણા ચાવવા જેવી વાત છે. ૫૦૦/૧૦૦૦ વર્ષથી સૂઈ ગયેલી પ્રજાને જગાડવાનું ભગીરથ કાર્ય નમોએ કર્યું છે.

આજે વિશ્વભરમાં નમો જેવો એકેય રાજનેતા નથી કે જેણે પોતાના દેશની પ્રજાને પ્રાકૃતિક આપદામાં પણ સલામત રાખી છે. અને વિશ્વકલ્યાણની ભાવનાથી સતત ૧૮-૧૮ કલાક કામ કરે છે. વિશ્વના રાજનેતાઓને એક કરે છે. એક મંચ પર લાવે છે. આખી દુનિયા એક ગ્લોબલ માર્કેટ બની ગઈ છે. ત્યારે નમો કોઈને નમ્યા વિના ગર્વથી અમેરિકા, રશિયા, ફ્રાંસ, ઈંગ્લેન્ડ, જાપાન, ચીન બધાની સાથે સારા સંબંધો રાખીને ભારતના અર્થતંત્રને મજબૂત બનાવે છે. દુનિયાનો સૌથી અમીર માણસ એલન મસ્ક ખુદ એમ કહે કે "હું પ્રધાનમંત્રી મોદીનો ફેન છું" એ જ નમોની વૈશ્વિક સકારાત્મક કૂટનીતિ-રાજનીતિનું પરિણામ છે. આ બધી નોંધ નૉબેલવાળા પાસે હશે જ. તેથી હવે નૉબેલ પારિતોષિક નમોને આપવાનો નિર્ણય નજીકના સમયમાં લેવાવો જોઈએ.